

## કિચન વિન્ડો ડિઝાઈન્સ

# કિચન પણ લાગશે આકર્ષક અને સ્ટાઈલિશ

કિચનને ઘરનું દિલ કહેવામાં આવે છે. જ્યાં માત્ર રસોઈ જ નથી બનતી પરંતુ આખા પરિવારની ખુશી અને આરોગ્ય પણ જોડાયેલું હોય છે. મોટા ભાગનાં લોકો કિચન કેબિનેટ અને કાઉન્ટર ટોપ પર ધ્યાન આપે છે પરંતુ બારીની ડિઝાઈનને નજરઅંદાજ કરે છે. મોડર્ન અને સ્ટાઈલિશ કિચન માટે સુંદર કેબિનેટસ અને ચીમનીની સાથે સાથે આકર્ષક અને સ્ટાઈલિશ બારી હોવી પણ જરૂરી છે.

કિચનની બારી માત્ર તાજી હવા અને કુદરતી પ્રકાશ જ અંદર નથી લાવતી પરંતુ આખી જગ્યાને મોટી અને ખુલ્લી દર્શાવે છે. મોટા ભાગના લોકો કિચન બનાવતી વખતે બારીની ડિઝાઈન પર બહુ ધ્યાન આપતા નથી એટલે રસોડું બંધિયાર લાગે છે. યોગ્ય લે આઉટ પસંદ કરવાથી ભરપૂર પ્રાકૃતિ રોશની આવે છે અને રૂમનો લુક અંદર અને બહાર બંને બાજુથી એકદમ બદલાઈ જાય છે. તમે કિચનને નવો, ટ્રેન્ડી અને લક્ઝરી લુક આપવા ઈચ્છતાં હો તો બારીની યોગ્ય ડિઝાઈનની પસંદગી ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. આવો જોઈએ કિચનની ખૂબસૂરતી વધારતી બારીની ડિઝાઈન્સ...

### સ્લાઈડિંગ વિન્ડો

સ્લાઈડિંગ વિન્ડો આજના સમયમાં મોડર્ન કિચન માટે સૌથી વધારે પસંદ કરવામાં આવતી વ્યવહારિક ડિઝાઈન છે. સ્લાઈડિંગ વિન્ડો હોરિઝોન્ટલી (આડી) ખસે છે એટલે ઓછી જગ્યા માટે એકદમ યોગ્ય છે. જો તમારા કિચનમાં સિન્ક કે કાઉન્ટર સામે જગ્યા ઓછી હોય તો સ્લાઈડિંગ વિન્ડો સૌથી બેસ્ટ છે. એને ખોલવા કે બંધ કરવા વધારાની જગ્યાની જરૂર પડતી નથી. આ બારીમાં હવાની અવરજવર સારી રીતે થાય છે અને એ શાનદાર લુક આપે છે. મોડ્યુલર કિચન ડિઝાઈન માટે એ સારી છે. એના પહોળા ગ્લાસ રૂમમાં ભરપૂર પ્રકાશ આવવા દે છે એટલે રૂમમાં ઊર્જા અને સારો માહોલ રહે છે.

### કોર્નર વિન્ડો

જો તમારું કિચન L શેપનું હોય અથવા કાઉન્ટરનો એક ભાગ ઘરના ખૂણા તરફ આવતો હોય તો કોર્નર વિન્ડો ડિઝાઈન તમારા કિચનને કોઈ ફાઈવ સ્ટાર વિલા જેવો લુક આપી શકે છે. આ ડિઝાઈનમાં બે દીવાલના મિલનવાળા ખૂણામાં બારી મૂકવામાં આવે છે. એનાથી તમને બહારનો એક બહુ ખૂબસૂરત અને પહોળો વ્યૂ મળે છે. આ ડિઝાઈન નાના કિચનને મોટું અને હવાઉજાસવાળું દર્શાવે છે. એની સામે સિન્ક એરિયા કે નાની ડાઈનિંગ સ્પેસ રાખવી એક સારો આઈડિયા છે. આજકાલ ઈન્ટીરિયર ડિઝાઈનિંગમાં આ બારી ઘણી ટ્રેન્ડમાં છે.



### આર્ચ ડિઝાઈન વિન્ડો

કમાનવાળી ફ્રેમ પોતાના મુલાયમ, ઘુમાવદાર ઉપરી કિનારને કારણે તરત ધ્યાન ખેંચે છે. એ લંબચોરસ કેબિનેટ્સ અને ચીમનીની શાર્પ લાઈન્સને તોડે છે. જેનાથી રસોડાને એક સૌમ્ય, એલિગન્ટ અહેસાસ મળે છે.

### ફ્રેન્ચ વિન્ડો

જો તમને ક્લાસિક અને મોડર્ન લુકનું કોમ્બિનેશન પસંદ હોય તો તમે ફ્રેન્ચ વિન્ડો પસંદ કરી શકો. જ્યાં વેન્ટિલેશન સૌથી વધુ જરૂરી હોય તેવા કિચન માટે આ ડિઝાઈન પર્ફેક્ટ છે. જ્યારે તમે આ બારી આખી



ખોલો છો ત્યારે કિચનની બધી ગરમી અને ધુમાડો મિનિટોમાં બહાર નીકળી જાય છે. લાકડાની ફ્રેમ અથવા બ્લેક મેટલ ગ્રિડ સાથે કાચની ફ્રેન્ચ વિન્ડો કિચનને એલિગન્ટ, ઈંગ્લિશ અને સ્ટાઈલિશ લુક આપે છે.



### બે વિન્ડો ડિઝાઈન

બે વિન્ડો કોઈ પણ કિચનમાં આકર્ષણનું કેન્દ્ર બને છે. બે વિન્ડોનો અર્થ છે એવી બારી જે દીવાલથી થોડી બહાર હોય. જેનાથી ઊંડાણ અને જગ્યાનો અહેસાસ થાય છે. આ બારીના વધેલા ભાગનો તમે ઘણી રીતે ઉપયોગ કરી શકો છો. તમે નાના નાના ઈનડોર પ્લાન્ટ્સ, હર્બ ગાર્ડન રાખી શકો કે સજાવટી વાસણો કે જાર મૂકવા માટે એક શેલ્ફની જેમ ઉપયોગ કરી શકો. એ મોડર્ન કિચનને બહુ વોર્મ અને ખૂબસૂરત લુક આપે છે. આ બારી વધારેમાં વધારે તડકો અંદર આવવા દે છે, બહારનું ખૂબસૂરત દશ્ય બતાવે છે અને ઘરને એક સદાબહાર ખૂબસૂરતી આપે છે.

### કિચન વિન્ડોની યોગ્ય ડિઝાઇન કઈ રીતે પસંદ કરશો?

**કિચન સ્ટાઈલ સાથે મેચ કરો**
એવી મોડર્ન કિચન બારી પસંદ કરો જે તમારા મોડર્ન, રસ્ટિક કે ટ્રેડિશનલ કિચન લુક સાથે સારી લાગે.

**કામની જરૂરત પર ધ્યાન આપો**
એવી બારી પસંદ કરો જે તમારી જરૂરતો પૂરી કરે. દા.ત. હવાની અવરજવર માટે સહેલાઈથી ખોલબંધ થઈ શકે એવી બારી અથવા દરેક મોસમમાં કમ્ફર્ટ આપતી વેધરપ્રુફ ડિઝાઈન.

**વેન્ટિલેશન**
ખાસ કરીને જ્યાં રસોઈ બનાવવાનું કામ વધારે હોય ત્યાં હવાની અવરજવર માટે કેસમેન્ટ કે સ્લાઈડીંગ વિન્ડો પસંદ કરો.

**જગ્યાનું ધ્યાન રાખો**
જો તમારા કિચનમાં દીવાલની જગ્યા ઓછી હોય કે લેઆઉટ અલગ પ્રકારનું હોય તો હોપર કે ઓર્નિંગ જેવી કોમ્પેક્ટ બારી પસંદ કરી શકાય.

**આઉટડોર વ્યૂ**
કિચનની જગ્યાને મોટી અને આકર્ષક દર્શાવવાની સાથે સાથે બહારની ખૂબસૂરતીની મજા લેવા 'બે' વિન્ડો રાખો.